રાષ્ટ્રીય પોષણ અભિયાન (એન.એન.એમ) ની
જગ્યાઓને આઉટસોર્સીંગથી ભરવા બાબત.

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ આઈસીડી-૧૧૨૦૧૯-૧૬-બ
સચિવાલય, ગાંધીનગર.
તા.૨૩-૦૧-૨૦૧૯

સંદર્ભ-

(૧) ભારત સરકાર, મહિલા અને બાળ વિકાસ મંત્રાલય, નવી દિલ્હીના પત્ર ક્ર: F.No.NNM/7/2017-WBP તા. ૨૬-૨-૨૦૧૮

(૨) મહિલા અને બાળ વિકાસ વિભાગના તા.૮-૨-૨૦૧૮નો ઠરાવ ક્ર: આઇસીડી-૧૧૨૦૧૮/૮૧૦૩૧/બ

(૩) મહિલા અને બાળ વિકાસ વિભાગના ઠરાવ ક્ર: આઇસીડી-૧૧૨૦૧૮/૧૨૩૨/બ-૧ તા.૧૯-૭-૨૦૧૮

(૪) ભારત સરકાર, મહિલા અને બાળ વિકાસ મંત્રાલય, નવી દિલ્હીના પત્ર ક્ર: F.No.WBP-27/1/2017-WBP તા. ૧૦-૧૨-૨૦૧૮

(૫) કમિશનર,મહિલા અને બાળ વિકાસની કચેરીની સીંગલ ફાઇલથી મળેલ

ઠરાવઃ-

સંદર્ભ (૧)થી ભારત સરકાર, મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા નેશનલ પોષણ અભિયાનના અમલીકરણ માટે વહીવટી ગાઇડલાઇન આપવામાં આવેલ છે. સંદર્ભ (૨) ના વિભાગના ઠરાવથી નેશનલ પોષણ અભિયાન ની અમલીકરણ માટે વહીવટી મંજુરી આપવામાં આવેલ છે. સંદર્ભ (૩) ના વિભાગના ઠરાવ થી નેશનલ પોષણ અભિયાનની અમલીકરણ માટે રાજ્યના કુલ ૨૬ જિલ્લાઓમાં રાજ્ય કક્ષા/જિલ્લા કક્ષા અને બ્લોક કક્ષાની જગ્યાઓની સેવાઓ ત્રણ વર્ષ માટે આઉટસોર્સીંગસ્થી ભરવાની મંજુરી આપવામાં આવેલ છે. સંદર્ભ (૪)થી ભારત સરકાર, મહિલા અને બાળ વિકાસ મંત્રાલય દ્વારા નેશનલ પોષણ અભિયાન અંતર્ગત નવા ૭ જિલ્લાઓ સમાવેશ કરવામાં આવેલ છે. સંદર્ભ (૫) થી કમિશનર,મહિલા અને બાળ વિકાસની

કચેરીની સીંગલ ફાઇલથી નેશનલ પોષણ અભિયાનની અમલીકરણ માટે રાજ્યના નવા સમાવિષ્ઠ ૭ જિલ્લાઓનો (અમદાવાદ, બોટાદ, દેવભુમિ દ્વારકા, ગીર સોમનાથ, જામનગર, જુનાગઢ, અને પોરબંદર) જિલ્લા કક્ષા અને બ્લોક કક્ષાની જગ્યાઓની આઉટસોર્સીંગ થી ભરવાની મંજુરી આપવા દરખાસ્ત કરવામાં આવેલ છે.

નેશનલ પોષણ અભિયાનની અમલીકરણ માટે રાજ્યના નવા સમાવિષ્ઠ ૭ જિલ્લાઓનો (અમદાવાદ, બોટાદ, દેવભુમિ દ્વારકા, ગીર સોમનાથ, જામનગર, જુનાગઢ, અને પોરબંદર) જિલ્લા કક્ષા અને બ્લોક કક્ષાની નીચેના કોષ્ટક મુજબની કુલ ૧૩૬ જગ્યાઓની સેવાઓ ત્રણ વર્ષ માટે આઉટસોર્સીંગથી ભરવાનીઆથી મંજુરી આપવામાં આવે છે.

જિલ્લા કક્ષાની જગ્યાઓ

| ક્રમ | જગ્યાનું નામ | કુલ જગ્યાઓની સંખ્યા | પગાર (રૂ.) | વાર્ષિક પગાર(રૂ.) |
|---|---|---|---|---|
| ૧ | ડીસ્ટ્રીક્ટ કો-ઓર્ડીનેટર | ૭ | 30000/- | ૨૫,૨૦,000/- |
| ૨ | પ્રોજેક્ટ આસીસ્ટન્ટ | ૭ | ૧૮000/- | ૧૫,૧૨,000/- |
| | કુલ | ૧૪ | ૪૮000/- | ૪0,૩૨,000/- |

બ્લોક કક્ષાની જગ્યાઓ

| ક્રમ | જગ્યાનું નામ | કુલ જગ્યાઓની સંખ્યા | પગાર (રૂ.) | વાર્ષિક પગાર(રૂ.) |
|---|---|---|---|---|
| ૧ | બ્લોક કો-ઓર્ડીનેટર | ૬૧ | ૨0000/- | ૧,૪૬,૪0,000/- |
| ૨ | પ્રોજેક્ટ આસીસ્ટન્ટ | ૬૧ | ૧૫000/- | ૧,0૯,૮0,000/- |
| | કુલ | ૧૨૨ | ૩૫000/- | ૨,૫૬,૨0,000/- |

આ હુકમો આ વિભાગની સરખાક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૧૭/૧/૨૦૧૯ ની નોંધ થી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

ARchristian
(અંકિતા ક્રિશ્ચિયન)
ઉપ સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

૧. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગર
૨. નિયામકશ્રી (આઇસીડીએસ), કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, ગાંધીનગર
3. નાણાં સલાહકારશ્રી, (મહિલા અને બાળ વિકાસ),સચિવાલય,ગાંધીનગર
૪. નાણાં વિભાગ, ક-શાખા, સચિવાલય, ગાંધીનગર.
૫. એકાઉન્ટન્ટ જનરલ શ્રી, અમદાવાદ/રાજકોટ
૬. પગાર અને હિસાબી અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર/અમદાવાદ
૭. નિવાસી ઓડિટ અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર
૮. જીલ્લા વિકાસ અધિકારીશ્રી, તમામ
૯ મ્યુનિસિપલ કમિશ્નરશ્રી, તમામ
૧૦. પ્રોગ્રામ ઓફીસરશ્રી, આઇસીડીએસ તમામ
૧૧. પ્રોગ્રામ ઓફીસરશ્રી, મહાનગરપાલિકા (અર્બન) તમામ
૧૨. તમામ તિજોરી અધિકારીશ્રી, તિજોરી અધિકારીશ્રીની કચેરી, જિ.
૧૩. સિલેક્ટ ફાઇલ